તુમકો ભૂલું અબ નહિં નાથ, દાસ પર ઐસી કૃપા કરો ।
ચઢે રહો ચિત ઉપર મેરે, કબહૂ નાયઁ ટરો ॥ ટેર
બિકલ રહૂઁ દરશન બિનુ તેરે, ઐસી આગ લગા દો મેરે ।
જિન્દા રહ નહિં સકૂઁ એક પલ, ઐસી લગન ભરો ॥
ચાહૂઁ સ્વર્ગ નરક મેં ડારો, સુખ ચાહૂઁ તો દુઃખ મત ટારો ।
પ્યારે લગતે રહો મુઝે તુમ, દૂજી ચાહ હરો ॥
માઁ માઁ કહ બાલક અકુલાવે, લે ગોદી ઝટ હૃદય લગાવે ।
આપ અનન્ત જનમ કી માતા, ધીરજ કાહે ધરો ॥

* * *



॥ ૐ શ્રી પરમાત્મને નમઃ ॥

# હે નાથ !
# હું આપને ભૂલું નહીં

(પરમશ્રદ્ધેય સ્વામીજી શ્રીરામસુખદાસજી મહારાજના પ્રવચનોથી સંગ્રહિત)

ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ
ત્વમેવ બન્ધુશ્ચ સખા ત્વમેવ ।
ત્વમેવ વિદ્યા દ્રવિણં ત્વમેવ
ત્વમેવ સર્વં મમ દેવદેવ ॥

સંકલનકર્તા : **રાજેન્દ્ર કુમાર ધવન**
અનુવાદક : **નલીનભાઈ ઉપાધ્યાય (ભૂજ)**

ગીતા પ્રકાશન, ગોરખપુર





પ્રકાશક-
**ગીતા પ્રકાશન**
ગીતા સત્સંગ મંડળ,
પો૦-ગીતાપ્રેસ, ગોરખપુર-273005 (ઉ.પ્ર.)
સંપર્કસૂત્ર : 09389593845, 07668312429
E-mail : radhagovind10@gmail.com
pbramhachari@gmail.com
સંસ્કરણ : પ્રથમ (ગુજરાતી)
લેસર ટાઈપ સેટીંગ : વિજય પરમાર (vijpar2004@hotmail.com)

**• પ્રભુ પ્રેમીઓને નમ્ર અનુનય •**

પરમાત્માને સૌ કોઈ કલીકાળમાં સરળતાથી પામી શકે એ એકમાત્ર ઉદ્દેશથી આ પુસ્તીકા છપાઈ છે.

તમારા જીવનના સુખના કે દુઃખના કોઈ પણ પ્રસંગે, ધાર્મિક ઉત્સવ વખતે અને દિવાળી વિગેરે જેવા તહેવારોએ આ પુસ્તીકા છપાવી તમારા સગાસંબંધી, સ્નેહીજનો, મિત્રોને તમે આ અમૂલ્ય ઉપહાર પ્રેમભાવપૂર્વક આપી શકો છો.

વધારામાં પરમાત્માનું જે પણ સ્વરૂપ (શીવ, વિષ્ણુ, હનુમાનજી વિ.) આપને પસંદ હોય તે ફોટોગ્રાફ મુખપુષ્ઠ પર પ્રેમપૂર્વક છાપી દેવામાં આવશે કારણ કે એક જ પરમાત્માના અનંત રૂપો છે. અસ્તુ.



## હે નાથ ! હું આપને ભૂલું નહીં

બધા ભાઈ-બહેનો સાવધાન થઈને ભગવાનનાં ચિંતનમાં લાગી જાવ. નિરંતર ભગવાનને કહેતા રહો કે, ‘હે નાથ ! હું આપને ભૂલું નહીં.’ ભગવાનની સ્મૃતિ સંપૂર્ણ વિપત્તિઓનો નાશ કરનારી છે— **‘हरिस्मृतिः सर्वविपद्विमोक्षणम्’** (શ્રીમદ્‌ભાગવત ૮/૧૦/૫૫). એ અંધકારમાં લાલટેનની જેમ પ્રકાશ કરવાવાળી છે, સહારો દેવાવાળી છે. એના સિવાય આ સંસારમાં કોઈ સહારો નથી. ભગવાનના સ્મરણમાત્રથી જ મનુષ્ય સંસાર-બંધનથી છૂટી જાય છે- **‘यस्य स्मरणमात्रेण जन्मसंसारबन्धनात् । विमुच्यते.....’** (મહાભારત, અનુશાસન૦ ૧૪૯). ભગવાનને યાદ કરવાથી બધા કામ યથાયોગ્ય થઈ જાય છે. એટલા માટે સાચા હૃદયથી ‘હે નાથ ! હે નાથ !!’ પુકારો. ભગવાનને એક જ વાત કહો કે,

'હે નાથ ! હું આપને ભૂલું નહીં; એવી કૃપા કરો કે આપને ભૂલું નહીં'. એક શ્લોક આવે છે—

**शम्भुः श्वेतार्कपुष्पेण चन्द्रमा वस्त्रतन्तुना ।**
**अच्युतः स्मृतिमात्रेण साधवः करसम्पुटैः ॥**

અર્થાત્ 'શંકર શ્વેત આકડાના ફૂલોથી, ચન્દ્રમા વસ્ત્રના તન્તુથી અને સાધુજનો હાથ જોડવાથી પ્રસન્ન થઈ જાય છે, પણ ભગવાન વિષ્ણુ સ્મરણ કરવા માત્રથી જ પ્રસન્ન થઈ જાય છે.' સ્મરણ સિવાય કોઈ વસ્તુની, કોઈ મહેનતની જરૂર નથી. કુંતી માતાએ ભગવાનને કહ્યું કે જુઓ, તમારા ભાઈ જંગલમાં દુઃખી થઈ રહ્યા છે, તમને દયા નથી આવતી ? તો ભગવાને આ જ ઉત્તર આપ્યો કે ફઈબા, હું શું કરું, દ્રૌપદીનું વસ્ત્રાહરણ થયું તો તેણે મને યાદ કર્યો, પરન્તુ યુધિષ્ઠિરે સર્વસ્વ દાવ પર લગાવી દીધું પણ મને તો યાદ કર્યો જ નહીં ! કમ-સે-કમ મને યાદ તો કરી લેત. તાત્પર્ય એ છે કે ભગવાનને યાદ કરવા માત્રથી કલ્યાણ થઈ જાય



છે, સદાને માટે દુઃખ મટી જાય છે. મહાન આનન્દની પ્રાપ્તિ થઈ જાય છે. આનાથી સસ્તો સોદો બીજો કયો હોઈ શકે ! સાધન તો આટલું સુગમ, પણ તેનું ફળ આટલું મહાન ! જો આપણે આટલું સરળ કામ પણ ન કરી શકીએ તો બીજું શું કરી શકીશું ? આમાં ન તો પૈસાનો ખર્ચ છે, ન કોઈ પરિશ્રમ થાય છે. એટલા માટે તમને માત્ર આટલું જ કહેવાનું કે સવારના ઊંઘ ઊડે ત્યાંથી લઈને રાત્રે ફરી નિદ્રા આવે ત્યાં સુધી નિરન્તર, 'હે નાથ ! હું આપને ભૂલું નહીં' એ કહેવાનું શરૂ કરી દો. આપના મનમાં ભગવાનનું જે કોઈ સ્વરૂપ પસંદ હોય, તેને યાદ કરી આ લગન લગાવી દો કે, 'હે મારા નાથ ! હું આપને ભૂલું નહીં'. આમાં પોતાની જાતને ખોઈ નાખો. પછી તમારા બધા જ કામ ઠીક થઈ જશે, એમાં કોઈ સન્દેહ નથી.

ભગવાને ગીતામાં અર્જુનને કહ્યું છે— '**तस्मात्सर्वेषु कालेषु मामनुस्मर युध्य च**' (ગીતા ૮/૭) 'તું બધા સમયે મારું સ્મરણ કર અને યુદ્ધ પણ કર'. એનું





તાત્પર્ય એ થયું કે સમયસર કામ-ધંધો કરો અને નિરન્તર ભગવાનને યાદ કરો. તમે શુદ્ધ હો, અશુદ્ધ હો, સારા હો, ખરાબ હો, તંદુરસ્ત હો, બીમાર હો, પૈસાદાર હો, નિર્ધન હો, કેવા પણ કેમ ન હો, કેવળ ભગવાનને યાદ કરો. હૃદયપૂર્વક, પ્રેમથી, આર્ત થઈને, રડી-રડીને ભગવાનને કહો કે, 'હે મારા નાથ ! એવી કૃપા કરો, હું આપને ભૂલું નહીં'. ભગવાનના સ્મરણમાત્રથી જ કલ્યાણ થઈ જશે ! લગન તમારી અને કૃપા ભગવાનની ! કેટલી સુગમ અને સરળ વાત છે ! જાત-જાતના સાધન છે, પણ આ સીધું-સરળ સાધન છે— 'હે મારા નાથ ! હું આપને ભૂલું નહીં'. કેવળ યાદ કરવાથી હંમેશને માટે દુઃખ મટી જાય, એ કેટલું સુગમ સાધન છે.

**સાચા હૃદયથી પ્રાર્થના જ્યારે ભક્ત સાચો ગાય છે,**
**તો ભક્તવત્સલના કાનમાં એ પહોંચી તુરંત જ જાય છે.**

ભગવાનના સર્વ ઠેકાણે કાન છે— '**सर्वतः श्रुतिमल्लोके**' (ગીતા ૧૩/૧૩). તમે બોલો છો તે



ભગવાનના કાનમાં જ તો બોલો છો. ભગવાનને કહો કે, 'હે નાથ ! એક જ પ્રાર્થના છે કે હું આપને ભૂલું નહીં. એના સિવાય મને ન ધન-સંપત્તિ જોઈએ, ન માન-મોટાઈ જોઈએ, ન સંસારમાં યશ-કીર્તિ જોઈએ, ન પ્રસિદ્ધિ જોઈએ. બસ, એક જ વાત ઇચ્છું છું કે હું આપને ભૂલું નહીં.' એક જ વાતથી તમારા બધા જ કામ પૂર્ણ થઈ જશે, કોઈ કામ બાકી નહીં રહે. અત્યારથી જ કહેવાનું શરૂ કરી દો કે, 'હે મારા નાથ ! હું આપને ભૂલું નહીં'. ભલે હૃદયમાં ભાવ ઓછો હોય તો પણ કહેવાનું શરૂ કરી દો. કહેતાં-કહેતાં નકલી પણ અસલી બની જતું હોય છે. કામ-ધંધા કરતાં-કરતાં, રસોઈ બનાવતાં, ઝાડૂ લગાડતાં, પાણી ભરતાં, દરેક સમયે કહેતા રહો કે, 'હે નાથ ! એવી કૃપા કરો કે હું આપને ભૂલું નહીં', 'હે મારા નાથ ! હું આપને ભૂલું નહીં'. પાંચ મિનિટથી વધારે મોડું ન થાય. અગર આ પણ ન કરી શકો તો દસ મિનિટમાં કહી દો. દસ મિનિટથી વધુ સમય થઈ

જાય તો એક સમય ઉપવાસ કરો. ધારો કે ઊંઘ આવી જાય તો જ્યારે ઊંઘ ઉડે ત્યારે કહી દો કે ‘હે નાથ ! હું આપને ભૂલું નહીં.’ મન લાગે ચાહે ન લાગે, કહેવાનું ન છોડતાં. કરીને જુઓ કે લાભ થાય છે કે નથી થતો. ભગવાન સમક્ષ કરેલી પ્રાર્થના ક્યારેય નિરર્થક નથી જતી.

ભગવાનની યાદ આવી જાય તો ખુશી મનાવો કે આ તો ભગવાનની કૃપા થઈ ગઈ ! કલ્યાણ ભગવાનની કૃપાથી જ થાય છે. કોઈ ભક્ત એવું નહીં કહી શકે કે હું સર્વથા નિષ્પાપ છું. નિષ્પાપ હોત તો સંસારમાં જન્મ શું કામ થાત ? ભગવાન માફ કરે છે, ત્યારે જ કલ્યાણ થાય છે. સર્વથા નિષ્પાપ અને પવિત્ર થઈ પોતાનું કલ્યાણ સાધી લે એવી તાકાત કોઈનામાં નથી.

ભગવાન તો બધે જ છે, પણ યાદ કર્યા વિના તે કામ નથી આવતા. એક વ્યક્તિની ગાય માંદી પડી



ગઈ. વૈદે કહ્યું કે તું ગાયને કાળા મરી ખવડાવીને ઉપરથી એક પાશેર ઘી પીવડાવી દે. એ વ્યક્તિએ ગાયને કાળા મરી તો ખવડાવ્યા પણ ઘી ન આપ્યું. એણે વિચાર્યું કે રોજ ગાયના દૂધમાંથી એક પાશેર ઘી તો નીકળે જ છે; જેથી એક દિવસ ગાયને દોહીશ નહીં, જેનાથી ઘી એની અંદર જ રહી જશે. પણ આનાથી ગાય વધુ બીમાર થઈ ગઈ ! તાત્પર્ય છે કે ગાયના શરીરમાં ઘી મૌજુદ હોવા છતાં પણ ગાયને કામ નથી આવતું. વિધિપૂર્વક કાઢેલું ઘી જ કામ આવે છે. આ રીતે ભગવાન બધે જ હોવા છતાં પણ કામ નથી આવતાં. પણ જો એમને યાદ કરો તો બેડો પાર ! આ તો કાઢેલું ઘી છે. એટલા માટે બધે ભગવાનને જુઓ અને તેમને યાદ કરો કે, ‘હે નાથ! હું આપને ભૂલું નહીં.’ તમે પાપી કે પુણ્યાત્મા કેવા પણ કેમ ન હો, કેવળ ભગવાનને યાદ માત્ર કરવાથી શાન્તિ મળી જશે. ઘી કાઢવામાં તો પરિશ્રમ લાગે છે





પણ આમાં તો મહેનત છે જ નહીં. માત્ર યાદ કરવાનું છે કે, ‘હે નાથ ! હું આપને ભૂલું નહીં.’ અમને બીજું કાંઈ જ નથી જોઈતું ફક્ત એક જ માઁગ છે કે, ‘હે મારા નાથ ! હું આપને ભૂલું નહીં.’

❋ ❋ ❋





# ‘હે નાથ !’ પુકારની મહિમા

(જોકે ભીતરમાં રાગ-દ્વેષ, કામ-ક્રોધ, મોહ વિગેરે રહેવાથી સાચી પ્રાર્થના થતી નથી, તેમ છતાં વારંવાર પ્રાર્થના કરતા રહો. જેમ મોટરને સ્ટાર્ટ કરતી વખતે વારંવાર ચાવી ફેરવતાં-ફેરવતાં ક્યારેક એક જ ચાવી લાગી જવાથી મોટર સ્ટાર્ટ થઈ જાય છે, એ જ રીતે પ્રાર્થના કરતાં-કરતાં ક્યારેક હૃદયથી સાચી પ્રાર્થના નીકળશે તો એક જ પુકારમાં કામ થઈ જશે.)

૧. **ભગવત્પ્રાપ્તિનો સૌથી સરળ ઉપાય છે—વ્યાકુળતાપૂર્વક હૃદયથી ‘હે નાથ ! હે મેરે નાથ !!’ પુકારો. આ નામજપ વિગેરે બધા સાધનો કરતાં તેજ છે. આને પાપી-પુણ્યાત્મા, મૂર્ખ-વિદ્વાન વિગેરે બધા જ કરી શકે છે.**

૨. જ્ઞાનયોગ, કર્મયોગ, ભક્તિયોગ વિગેરે કોઈ ઉપાય સમજણમાં ન આવે તો કોઈ જરૂરત નથી, તમે 'હે નાથ ! હે મારા નાથ !!' પુકારો.

૩. મન્ત્રોમાં, અનુષ્ઠાનોમાં એટલી શક્તિ નથી, જેટલી શક્તિ પ્રાર્થનામાં છે. માટે, 'હે નાથ ! હે નાથ !!' પુકારો.

૪. 'હે નાથ ! હે નાથ !!' પુકારો. બધી બીમારી, આફત, શંકા મટી જશે. આ બધા જ રોગોની રામબાણ દવા છે.

૫. કલ્યાણ પ્રાપ્તિનો સીધો સુગમ ઉપાય છે— અંદરથી વ્યાકુળતાપૂર્વક 'હે નાથ ! હે નાથ !!' પુકારો. તમારું કલ્યાણ થશે... થશે.... થશે જ ! ન થાય તો મને દંડ દેજો.



૬. 'હે મારા નાથ !'— આવી હૃદયની પુકાર ભગવાનને પીગળાવી દે છે. પુકાર જલ્દી ભગવાન સુધી પહોંચે છે.

૭. કલિયુગથી બચવા માંગતા હો તો નિરંતર ભગવાનને પુકારતા રહો— 'હે નાથ ! હે મારા નાથ !!'.

૮. ન ગુરુ બનાવવાની જરૂર છે, ન શાસ્ત્ર ભણવાની જરૂરત છે, ન ક્યાંય જવાની જરૂર છે, ફક્ત 'હે નાથ! હે મારા નાથ!!' પુકારો તો તમારી યોગ્યતા અનુસાર તમને ગુરુ મળી જશે, સંત-મહાત્મા મળી જશે, ઉપદેશ મળી જશે.

૯. હાલતાં-ચાલતાં, ઉઠતાં-બેઠતાં, રાત્રે, દિવસે, કામ કરતાં કરતાં, દરેક સમયે





વ્યાકુળતાપૂર્વક સાચા હૃદયથી 'હે નાથ! હે નાથ !!' પુકારો. અનંત જન્મોનાં બધા પાપ ભસ્મ થઈ જશે.

૧૦. પોતાની નિર્બળતાનો અનુભવ અને ભગવાનની કૃપાશક્તિ પર વિશ્વાસ— આ બે વાતો હોય તો 'હે નાથ ! હે નાથ !!' પુકારવાથી કામ-ક્રોધ વિગેરે દોષ અવશ્ય નાશ પામશે.

૧૧. જો સંસારની આસક્તિ ન છૂટે તો, 'હે નાથ ! હે નાથ !!' પુકારો.

૧૨. જેમ ઉભરો આવતાં દૂધમાં ઠંડું પાણી નાખીએ તો તે શાંત થઈ જાય છે, એ જ રીતે જ્યારે પણ અહંકાર આવે તો, 'હે નાથ ! હે નાથ !!' પુકારો, અહંકાર શાંત થઈ જશે.



૧૩. જો ભગવાનમાં પ્રેમ ચાહો તો ભગવાનનાં ચરણની શરણ થઈને— 'હે નાથ ! હે નાથ !!' પુકારો.

૧૪. 'હે નાથ ! હે મારા નાથ !!' કહેતા રહો તો ક્યારેય ત્વરિત કામ થઈ જશે ! જે કામ વર્ષોથી ન થયું તે એકાએક થઈ જશે, બસ તમે લાગ્યા રહો.

૧૫. 'હે નાથ ! હે નાથ !!' કહીને ભગવાનના ચરણોમાં પડી જઈને નિશ્ચિંત થઈ જાઓ. પછી ભગવાનની કૃપાથી બધું બરાબર થઈ જશે.

૧૬. કામ તો માત્ર આટલું જ છે કે હાથ જોડી દઈએ એટલે કે 'હે નાથ !' કહીને ભગવાનને શરણે ચાલ્યા જઈએ. આટલાથી જ બેડો પાર છે !

૧૭. ભગવાનમાં બહુ મોટી પોલ છે, તેની તમને જાણ નથી ! હવે યાદ કરી લો. સાચા હૃદયથી પુકારો 'હે નાથ! હે નાથ !!' 'ના....થ'— 'થ' કહેતા જ એ આવી જશે!!

* * *





# પ્રાર્થના

(ભક્ત જ્યાં પણ– જોરથી બોલીને પ્રાર્થના કરે, ધીરેથી બોલીને પ્રાર્થના કરે અથવા મનથી પ્રાર્થના કરે, ત્યાં જ ભગવાન પોતાના કાનોથી સાંભળી લે છે.(૧૩/૧૩))

'હે નાથ ! આપ મને પૃથ્વી પર રાખો કે સ્વર્ગમાં રાખો કે નરકોમાં રાખો; બાળક રાખો કે યુવાન રાખો અથવા વૃદ્ધ રાખો; અપમાનિત રાખો કે સન્માનિત રાખો; સુખી રાખો કે દુઃખી રાખો; જેવી પરિસ્થિતિમાં રાખવા ઈચ્છો, તેમ રાખો, પણ હું આપને ભૂલું નહીં.'(૧૫/૭)





'હે પ્રભુ ! મેં ન જાણે કયા-કયા જન્મોમાં આપની વિરુદ્ધ કેવા-કેવા આચરણ કર્યા છે, તેની મને ખબર નથી. પરન્તુ એ કર્મોને અનુરુપ આપ જે પરિસ્થિતિ મોકલશો, એ મારા માટે દરેક રીતે કલ્યાણકારક જ હશે. એટલા માટે મને કોઈ પણ પરિસ્થિતિમાં લેશમાત્ર પણ અસંતોષ ન થઈને પ્રસન્નતા-જ-પ્રસન્નતા થશે.'

'હે નાથ ! મારા કર્મોનું આપ કેટલું ધ્યાન રાખો છો કે મેં ન જાણે કયા-કયા જન્મમાં, કઈ-કઈ પરિસ્થિતિમાં પરવશ થઈને કયા-કયા કર્મ કર્યા છે, એ બધા જ કર્મોથી સર્વથા છૂટકારો કરવા માટે આપ કેટલા વિચિત્ર વિધાન કરો છો ! હું તો આપના વિધાનને લેશમાત્ર પણ સમજી નથી શકતો અને મારામાં આપના વિધાનને સમજવાની શક્તિ પણ નથી. એટલા માટે હે નાથ ! હું તેમાં મારી



બુદ્ધિ શા માટે લગાવું ? મારે તો માત્ર આપની તરફ જ જોયા કરવાનું છે. કારણ કે આપ જે કાંઈ વિધાન રચો છો, તેની પાછળ આપનો જ હાથ રહે છે અર્થાત્ એ આપનું જ કરેલું હોય છે, જે મારા માટે પરમ મંગલમય છે.'(૯/૩૪)

'હે નાથ ! આપ સમતા, બોધ જ નહીં, દુનિયાના ઉદ્ધારનો અધિકાર પણ આપી દો, તો પણ મને બિલ્કુલ જાણ ન થવી જોઈએ કે મારામાં આ વિશેષતા છે. હું માત્ર આપના ભજન-ચિંતનમાં જ લીન રહું.' (૧૦/૧૧)

— 'સાધક સંજીવની'માંથી સંકલિત

* * *

# સમસ્ત સાધનોનો સાર

ભગવત્સ્મરણ સમસ્ત સાધનોનો સાર છે. ભગવાનને યાદ કરતાં જ સંપૂર્ણ અમંગળનો નાશ થઈ જાય છે. આમાં લાભ-જ-લાભ છે, નુકસાન છે જ નહીં. સત્સંગની વાતોમાં ભગવાનને યાદ કરવા તે સૌથી માર્મિક વાત છે, બધાની સાર વાત છે. એટલા માટે હાલતાં-ચાલતાં, ઊઠતાં-બેસતાં દરેક સમયે અંદરથી ભગવાનને યાદ રાખો, પછી શરીર ભલે ગમે ત્યારે છૂટે.

* * *

'હે મારા નાથ ! હું આપને ભૂલું નહીં'— આ પ્રાર્થના દરેક ભાઈ-બહેન માટે ખૂબ કામની છે. તમે નિરંતર આ પ્રાર્થના કરીને જુઓ તો ખરા, વિચિત્રતા આવી જશે ! વચ્ચે પોતાની બુદ્ધિ ન લગાડો, ભગવાનને ભૂલો નહીં પછી બધાજ કામ



સારી રીતે થઈ જશે. સ્વયં પોતે, પહેલેથી જ પરમાત્માનો અંશ છે અને તે જો એમને શરણ થઈ જાય તો પછી બાકી શું રહેશે ?

* * *

કોઈ પણ કામ કરો, ક્યાંય પણ જાવ ભગવાનને અવશ્ય યાદ કરી લો. ભગવાનને યાદ કરવા માત્રથી મનુષ્ય સંસાર-બંધનથી છૂટી જાય છે— **'यस्य स्मरणमात्रेण जन्मसंसारबन्धनात् । विमुच्यते ..... ॥'** (મહાભારત, અનુશાસન૦ ૧૪૯). ભગવાનને યાદ કરવાથી તેમની કૃપાથી બધા જ કામ સફળ થઈ જાય છે. લક્ષ્મણજી રામજીને પ્રણામ કર્યા વિના મેઘનાદને મારવા ગયા તો બેભાન થઈ ગયા (માનસ, લંકા૦ ૫૨), અને રામજીને પ્રણામ કરીને ગયા તો મેઘનાદને મારી નાખ્યો— ***'રઘુપતિ ચરન નાઈ સિરુ ચલેઉ તુરંત અનંત'*** (માનસ, લંકા૦ ૭૫). ભગવાનને યાદ રાખવાથી વિજય અને ભૂલી જવાથી પરાજય થાય





છે. એટલા માટે દરેક કામ ભગવાનને યાદ કરીને કરો. સંસારના કામમાં વિજય દેખાય છે, વિજય થતો નથી, પણ ભગવાનના ભજનમાં હમેશાં વિજય જ થાય છે, પરાજય થતો જ નથી. જેવી રીતે વૃક્ષનાં મૂળમાં પાણી પાવાથી સમગ્ર વૃક્ષની પુષ્ટિ થાય છે અને અન્ન જળ આપવાની સંપૂર્ણ શરીરને શક્તિ મળે છે, એ જ રીતે ભગવાનને યાદ કરવાથી દુનિયા માત્રને તાકાત મળે છે. આ ગુપ્ત વાત છે, બધા વ્યક્તિ આ વાત નહીં બતાવે ! ભગવાનને યાદ કરવા એ બધી વાતોનો સાર છે. ભગવાનને યાદ કરવાથી દુઃખ નથી રહેતું અને ભગવાનથી વિમુખ થવાથી સુખ નથી રહેતું.

* * *

ભગવાનને યાદ કરવા એ સમ્પૂર્ણ દોષોના નાશનો ઉપાય છે. રાગ-દ્વેષ થઈ જાય તો આર્ત હૃદયથી, 'હે નાથ ! હે મારા નાથ !!' પુકારો. ડાકુ લૂંટતા હોય ને માણસ જેમ પુકારે એમ આર્ત થઈને



ભગવાનને પુકારો. આવું કરવાથી જરૂર ફરક પડશે. ભગવાનને કહેવાથી દરેક દોષ દૂર થાય છે. થોડો પણ રાગ ઉત્પન્ન થાય તો 'હે નાથ ! હે મારા નાથ !!' પુકારો. અવગુણોનો નાશ કરવા માટે અને સદ્‌ગુણો લાવવા માટે— બન્ને માટે ભગવાનને પુકારો. એમની કૃપાથી જ અવગુણોનો નાશ અને સદ્‌ગુણોની રક્ષા થાય છે. હરતાં-ફરતાં, ઉઠતા-બેસતા નિરંતર 'હે નાથ ! હે મારા નાથ!!' પુકારતા રહો તો ભગવાન બધી રીતે રક્ષા કરશે. જ્યારે પોતાની મહેનતથી રાગદ્વેષ દૂર ન થાય, ત્યારે દુઃખી થઈને ભગવાનને પુકારો. ભગવાનની કૃપાથી ખૂબ જ સરળતાથી બધા કામ થઈ જશે.

પહેલા પોતાની તાકાત લગાવીને આ દોષોને દૂર કરો. જો દૂર ન થાય તો નિર્બળ થઈને ભગવાનને 'હે નાથ ! હે મારા નાથ !!' પુકારો. આના જેવો બીજો કોઈ ઉપાય નથી. પણ આપણામાં બળનું

અભિમાન ન હોવું જોઈએ. જો પોતાના બળનું અભિમાન હશે તો સાચી પ્રાર્થના કરી શકશો નહીં, વિલંબ થશે. આપણામાં બળ, બુદ્ધિ, વિદ્યા, સાધન, વર્ણ, આશ્રમ વિગેરેનું અભિમાન હશે તો આ ઉપાય કામ નહિં આવે.

ભગવાનને પુકારવામાં હાર સ્વીકાર ન કરો. ભલે ને વરસો લાગી જાય. અંતમાં તમારો જ વિજય થશે એ વાતમાં શંકા નથી. પોતાના સમજીને ભગવાનને પુકારો. નકલી પ્રાર્થનાને પણ ભગવાન અસલી માનીને સ્વીકારી લે છે. પોતાના બળથી નિરાશા અને ભગવાનના બળ પર વિશ્વાસ— આ બે વાતો હશે તો જરૂર સફળતા મળશે.

* * *

ભગવાનને યાદ કરવામાત્રથી જ તેઓ પ્રસન્ન થઈ જાય છે— **'अच्युतः स्मृतिमात्रेण'**. ભગવાન પાસે એક જ ચીજ માંગો કે— 'હે નાથ ! હું આપને



ભૂલું નહીં'. આ એક મંત્ર છે, જેનાથી ભગવાનની સ્મૃતિ થશે. સ્મૃતિ થવાથી તમારામાં શાન્તિ, આનન્દ, દયા, ક્ષમા, ઉદારતા વિગેરેનો પાર નહીં રહે. બધા જ દુઃખોનો અત્યંત અભાવ થઈ જશે. માત્ર એમને હંમેશા યાદ રાખો. ભગવાનને યાદ રાખવા માત્રથી જ બધા પ્રકારની રિદ્ધિ-સિદ્ધિ નજીક આવી જાય છે.

* * *

ભગવાનને દરેક સમયે યાદ કરો. ભગવાનને યાદ રાખવા જેવી કિંમતી વાત બીજી કોઈ નથી. રાત-દિવસ, સવાર-સાંજ, દરેક સમયે ભગવાનને પ્રાર્થના કરો કે— 'હે નાથ ! હું આપને ભૂલું નહીં'. ભગવાનની સ્મૃતિ બધી જ વિપત્તિઓનો નાશ કરવાવાળી છે— **'हरिस्मृतिः सर्वविपद्विमोक्षणम्'** (શ્રીમદ્ભાગવત, ૮/૧૦/૫૫). માત્ર યાદ કરવાથી ભગવાન પ્રસન્ન થઈ જાય છે.

* * *





બધા શાસ્ત્રોની સાર વાત છે— ભગવાનને યાદ કરવા. ભગવાનના ચિંતન સમાન પવિત્ર બીજી કોઈ ચીજ નથી. જે સમયે તમે ભગવાનને યાદ કરો છો, એ સમયે તમારો સંબંધ ભગવાનની સાથે હોય છે, તમારી સ્થિતિ ભગવાનમાં હોય છે.

* * *

હમેશાં 'હે નાથ ! હે નાથ !' કહીને ભગવાનને પુકારો. સંસારના મોહમાંથી છૂટવું હોય તો ભગવાનને પુકારો. દુર્ગુણોને છોડવા હોય તો ભગવાનને પુકારો. સદ્ગુણો મેળવવા હોય તો ભગવાનને પુકારો. સંસારનું ચિંતન આવી જાય તો ભગવાનને પુકારો કે, 'હે નાથ ! હું આપને ભૂલું નહીં'. જે થશે, તે ભગવાનની કૃપાથી થશે, આપણા બળથી નહિં. બાળક પર જો આફત આવી પડે તો **માઁ**ને પુકાર્યા સિવાય બીજું એ શું કરશે ? થોડું પણ સંસારનું ચિંતન



છે, આકર્ષણ છે તો રાત-દિવસ ભગવાનને પુકારો. સંસારના ચિંતનમાંથી મુક્ત થવાથી ભગવાન આપોઆપ મળી જશે.

* * *

ભગવાનની સાથે આપણો સંબંધ સ્વતંત્ર છે, કોઈને આધીન નથી. વચ્ચે બીજાની આશા રાખો છો, બીજાથી સંબંધ જોડો છો, એ જ બાધારૂપ છે. કેવળ ભગવાન છે અને તમે છો, વચ્ચે કોઈ દલાલની આવશ્યકતા નથી. તમે સાચા હૃદયથી ભગવાનને શરણે થઈ જાવ અને 'હે નાથ ! હે નાથ !' પુકારો. સ્વપ્નમાંય કોઈની જરૂર નથી. ભગવાનનું જે નામ પ્યારૂ લાગે તેનો જપ કરો અને પ્રાર્થના કરો કે, 'હે નાથ ! હું આપને ભૂલું નહીં'. તમારું કલ્યાણ જરૂર થશે એમાં સંશય નથી.

* * *

આજે સંસારમાં મુક્ત થવું બહુ મુશ્કેલ થઈ રહ્યું છે ! એવા સમયે સાચા હૃદયથી ભગવાનનો આશ્રય લઈને, 'હું ભગવાનનો છું, ભગવાન અમારા છે'– એવું માનીને 'હે નાથ ! હે નાથ !' કરતાં-કરતાં ભગવાનને પુકારો તો સિદ્ધિ આસાનીથી મળી જશે.

* * *

પ્રત્યેક કાર્ય કરતા પહેલાં ભગવાનને યાદ કરવા જોઈએ. કોઈ પણ પત્ર લખો તો પહેલા સૌથી ઉપર ભગવાનનું નામ લખો. કોઈપણ કામ કરો, પહેલાં ભગવાનને યાદ કરો– આ આપણી સંસ્કૃતિની ખાસ વાત છે. મેં ભણવાની શરૂઆત કરી તો સૌથી પહેલાં 'શ્રીરામજી' લખતાં શીખ્યો, ત્યાર બાદ વર્ણમાળા શીખી. તમે પણ જો અધ્યાત્મિક ઉન્નતિ ઇચ્છતા હો તો દરેક કામ પહેલાં ભગવાનને યાદ કરો.

* * *



સવારે ઊંઘમાંથી જાગો ત્યારથી લઈને રાત્રે નિદ્રા આવે ત્યાં સુધી ચાર-ચાર, પાંચ-પાંચ મિનિટના અંતરે કહેતા રહો કે, 'હે નાથ ! હું આપને ભૂલું નહીં'. ભગવાનની પ્રાપ્તિ સુલભતાથી થઈ જશે ! તમે કરીને જુઓ. વૃત્તિ સારી હોય કે ખરાબ, ભગવાનને ભૂલો નહી.

* * *

તમને અત્યાર સુધી ભગવાનનું જેવું સ્વરૂપ સમજમાં આવ્યું હોય, તેને હંમેશા યાદ કરો. ભગવાન એને જ પોતાનું સ્વરૂપ માની લે છે, આવો એમનો કાયદો છે. 'હે નાથ ! હે મારા નાથ !! હે મારા પ્રભુ !!' આમ પુકારો. ભગવાન સૌના માટે સુલભ છે. યોગ્ય હોય, અયોગ્ય હોય, સદાચારી હોય, દુરાચારી હોય, સારા હોય, ખરાબ હોય, દરેક ભાઈ-બહેન ભગવાનને પોતાના કહી શકે છે. કોઈ ભગવાનને પુકારે છે તો તેના અવગુણોની



તરફ ભગવાનની દૃષ્ટિ જતી જ નથી. તેઓ તો માત્ર એની પુકારને જ જુએ છે.

* * *

હંમેશા મનોમન આ જ પ્રાર્થના કરતા રહો કે, 'હે નાથ ! હું આપને ભૂલું નહીં'. એકમાત્ર પ્રભુને યાદ રાખવાથી બધું જ બરાબર થઈ જશે– ***'એકૈ સાધે સબ સધૈ, સબ સધૈ સબ જાય'.*** 'હે નાથ! હે નાથ !!' આમાં મન લગાવી દો, અન્ય સાધનો પર ભરોસો ન રાખો.

* * *

'હે નાથ ! હું આપને ભૂલું નહીં'– આ પ્રાર્થનામાં બહુ ભારે બળ છે. નિરન્તર નામ જપ કરો અને થોડી-થોડી વારે આ પ્રાર્થના કરતા રહો. ન્યાલ થઈ જશો ! ભગવાનને ભૂલું નહીં– એ કામ આપણું છે બાકીનું બધું કામ ભગવાનનું છે. તમારે કાંઈ કામ કરવું નહિં પડે.

* * *



ભગવાનને યાદ કરવાથી અન્તઃકરણ સ્વાભાવિક નિર્મળ બની જાય છે અને સારી વાતો ઉત્પન્ન થાય છે. થોડી-થોડી વારે કહેતા રહો કે, 'હે નાથ ! હું આપને ભૂલું નહીં', 'હે મારા પ્રભુ ! હું આપને ભૂલું નહીં', પછી સદ્‌ગુણો પોતાની મેળે આવશે. ભગવાનને યાદ કરવાથી, એમની ચર્ચા કરવાથી સદ્‌ગુણ-સદાચાર સ્વાભાવિક આવે છે.

* * *

'હે નાથ ! હું આપને ભૂલું નહીં'– આ કહેતા રહો, પછી બધા જ કામ આપોઆપ ઠીક થઈ જશે.

* * *